R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા . ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

If undelivered pl. return to; કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

YEAR-26 • ISSUE: 06 DATE:11-02-2017• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## સત્તા પર નહી હો ત્યારે વિરોધીઓ તમારી કુંડળી કાઢશે : ઉધ્ધવ ઠાકરે શિવસેના

બાથરુમ પોલીટિક્સને લઈને શિવસેનાએ વડાપ્રધાન મોદી પર સીધેસીધા પ્રહારો કર્યા હતા.શિવસેનાએ તેમના મુખપત્ર સામનાના તંત્રીલેખમાં આજે જણાવ્યુ હતુ ંકે વડાપ્રધાન મોદીને બીજાના બાથરુમમાં ડોકીયા કરવામા ંરસ હોવાનું કોગ્રેસના રાહુલ ગાંધીએ જણાવ્યુ છે.ઉત્તરપ્રદેશની ચુંટણી પ્રચાર સભામાં મોદીએ એવી ધમકી આપી હતી કે બધાની કુંડળી મારી પાસે છે એના જવાબમાં અખિલેશ યાદવે કહ્યુ હતું કે ઈન્ટરનેટના જમાનામાં બધી કુંડળીઓ એક ક્લિક પર મળી જાય છે.યુપી વિધાનસભાની ચુંટણીમાં પ્રચારનુ સ્તર કેટલું નીચે ગયુ છે એનો આ ઉત્તમ દાખલો છે.વડાપ્રધાન મોદી અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ ફડનવીસ પ્રચારસસભાઓમાં જે પ્રકારના ઈશારા,ધમકીઓ,ઘોષણાઓ અને વચનો આપે છે તે ક્યા કાયદામાં બંધ બેસતા છે.? વિરોધીઓની કુંડળી તમારી પાસે છે કારણ કે તમે સત્તામાં છો. આવી કુંડળીઓ કાઢવા માટે તમને લોકોએ સત્તા પર નથી બેસાડ્યા. મોદીની જેમ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન ફડનવીસ પણ કુંડળી કાઢવાની વાત કરે છે. પરંતુ એક વાત સમજી લો કે સત્તાનો ખેલ સંગીત



ખુરશી અને ખોખો જેવી રમત છે. આવતી કાલે સત્તા પરથી ઉતરશો ત્યારે તમારી કુંડળીઓ વિરોધીઓના હાથમાં જઈ શકે છે એવી ટકોર ઉધ્ધવ ઠાકરેના તંત્રી પદે પ્રગટ થતાં સામનામાં કરાઈ હતી.

## નોટબંધી બાદ જમા આવેલ રકમનો હિસાબ પણ સરકાર આપી શકી નથી

નોટબંધી પુર્ણ થયાને ૪૫ દિવસ જેટલો સમય વીતી ગયો છે.પરંતુ તે પછી બેન્કોમાં કેટલી રકમ જમા થઈ તે અંગે નાણાં મંત્રાલયના અધિકારીઓ પાસે સાચો આંકડો ઉપલબ્ધ નથી.પીએસીની બેઠકમાં સભ્યોએ કરેલા સવાલનો જવાબ અધિકારીઓ આપી શક્યા ન હતા.તેમણે કહ્યુ હતું કે રિઝર્વ બેન્ક જમા રકમની સતત ગણતરી કરતી રહી છે.

નાણાં મંત્રાલયના આ ગોલમાલ જવાબ બદલ પીએસીના કેટલાક સભ્યોએ નારાજગી પણ દર્શાવી હતી. સભ્યોએ કહ્યુ કે બેન્કોમાં રોકડના રેકોર્ડની દરરોજ ગણતરી ધાય છે.પરંતુ દોઢ મહિના પછી પણ આંકડો મળતો નથી. જો કે પછી નાણાં મંત્રાલયના અધિકારીઓએ લેખિતમાં જવાબ મોકલવાનું આશ્વાસન આપ્યું હતું. અગાઉ ૨૦ જાન્યુ.મળેલી પીએસીની બેઠકમાં રિઝર્વ બેન્કના ગર્વનરને બોલાવવામાં આવ્યા હતા.એ બેઠકમાં બજેટની તૈયારીમાં વ્યસ્ત હોવાથી નાણાં મંત્રાલયના અદિકારીઓ સામેલ થઈ શક્યા નહોતા.

ઉલ્લેખનીય છે કે આઠ નવેમ્બર ૨૦૧૬એ કેન્દ્રે ૧૦૦૦ અને ૫૦૦ની નોટ બંધ કરી હતી. પછી લોકોએ જુની નોટો બેન્કમાં જમા કરાવી હતી.પરુંત એ પછી કેટલા રુપીયા જમા થયા છે તેનો ચોક્કસ આંકડો મળતો નથી.

## અમેરિકામાં ગેરકાયદેસર વસતા વસાહતીઓ પર ટ્રમ્પ શાસનની કાર્યવાહી શરુ : સેકડોની ધરપકડ

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરીકામાં ગેરકાયદેસર વસતા વસાહતી સામે આંખ લાલ કરી છે.તેમણે દસ્તાવેજો વગર રહેતા કેટલાક માઈગ્રન્ટસને ત્યાં દરોડા પાડીને અનેક લોકોની ધરપકડ કરી હતી.ડોનાલ્ડ ટ્રમ્પના કાર્યકાળમાં આ પ્રકારના દરોડા પહેલી ઘટના છે.તેને કારણે સમગ્ર અમેરિકામાં રહેતા ઈમીગ્રન્ટસમાં ગભરાટ ફેલાઈ ગયો છે

અમેરિકામં રહેતા ઈમીગ્રન્ટસમં ભારતીયોનો પણ મોટી સંખ્યામાં સમાવેશ થાય છે. અત્યારે જેમની સામે કાર્યવાહી થઈ છે તેમાં ભારતીયોનો સમાવેશ થતો નથી. પરંતુ ટ્રમ્પ સરકાર જે રીતે ગેરકાયદેસર વસતા વસાહતીઓ પર તુટી પડી છે તે જોતાં ગમે ત્યારે ભારતીયો પર પણ આવી કાર્યવાહી થવાની સંભાવના છે.પરિણામે ગુજરાતી ગેરકાયદેસર વસતા વસાહતીઓમાં ભારે ગભરાટ ફેલાઈ ગયો છે.

સાત મુસ્લીમ દેશોના લોકો પર પ્રતિબંધના ટ્રમ્પ વહિવટી તંત્રના આદેશ બાદ જે સ્થિતિ સર્જાઈ છે તે જોતાં અધિકારીઓ આ દરોડામાં એક રોજીંદી કાર્યવાહી કહીને તેને વધુ મહત્વ નહી આપવાનો પ્રયાસ કરી રહ્યા છે.યુએસની ફેડરલ ઈમીગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ એજન્સીએ લોસ એન્જલસ,ન્યુયોર્ક,શિકાગો,ઓસ્ટિન અને એટલાન્ટા સહિત અનેક શહેરોમાં દસ્તાવેજ વગર રહેતા ઈમીગ્રન્ટસને ત્યાં દરોડા પાડ્યા હતા.એજન્સી પ્રવક્તા જેનિફર એલજિયાના જણાવ્યાનુસાર આ કાર્યવાહીમાં કશું જ નવું નથી. આ રોજીદી કામગીરીઓ જ એક ભાગ છે.અમારી ઓપરેશન ટીમે કેટલાક લોકોની ધરપકડ કરી છે.માત્ર કેલીફોર્નિયા મેટ્રોપોલિસમાંથી જ આશરે ૧૬૦ લોકોની ધરપકડ કરવામાં આવી હતી.આ ઓપરેશનમાં કેટલાક લોકો યોગ્ય દસ્તાવેજો વગર મળી આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે દસ્તાવેજો વગર ૩૭ ઈમીગ્રન્ટસે મેકસિકો મોકલી દેવાયા હતા.ટ્રમ્પે કહ્યુ હતું કે દસ્તાવેજો વગર અમેરિકામાં રહેતા લોકો સામે ક્રિમિનલ કેસ ચાલશે. હાલમાં અમેરિકામાં દસ્તાવેજો વગર આશરે સવા કરોડ લોકો રહે છે.જો કે એક અધિકારી માર્ટિનનું કહેવુ છે કે ટ્રમ્પે શપથ લીધા ન હતા તે અગાઉ જ આ ઓપરેશનનુ આયોજન કરાયું હતું.

## ચેરીટેબલ ટ્રસ્ટોની ઓફીસ પર આઇટી વિભાગ સર્વે કરશે

કેન્દ્રીય બજેટમાં હવે જાહેર ધર્માદા ટ્રસ્ટો માટે આકરી જોગવાઈઓ રજુ કરવામાં આવી છે.જેમાં હાલમાં જે રીતે ઈન્કમટેક્ષની કલમ ૧૩ હેઠળ કરદાતાના ધંધા કે વ્યવસાયના સ્થળે સરવે થાય છે તેવા સરવે હવે ચેરીટેબલ ટ્રસ્ટોના સ્થળે ઓફીસો ખાતે પણ થઈ શકશે.ચેરીટેબલ તથા ધાર્મિક ટ્રસ્ટો માટે આવકવેરા કાયદાની હાલની જોગવાઈઓ પણ રજુ કરવામાં આવી છે. જે ટ્રસ્ટીઓએ ધ્યાનમાં લેવી પડશે.જો આ જોગવાઈઓનું પાલન ન થાય તો ટ્રસ્ટો ઉપર આવકવેરાની વધુ જવાબદારી આવી પડશે.

કેટલાક ટ્રસ્ટો પોતાની ચાલુ વર્ષની આવકમાંથી અન્ય સમાન હેતુવાળા ટ્રસ્ટોને કોર્પસ દાન આપતા હતા. જેથી દાન આપનાર ટ્રસ્ટને આવકવેરામાંથી ખર્ચ તરીકે દાનની રકમ બાદ મળતી હતી. અને કોર્પસ દાન પ્રાપ્ત કરનારા ટ્રસ્ટને તેની આવકમાં ઉમેરો કરાતો ન હતો.આમ એક જ રકમ પર બંને ટ્રસ્ટો આવકવેરાની છટકબારીનો લાભ લેતા હતા.આ બજેટામાં નાણાં મંત્રીએ જોગવાઈઓમાં સુધારો કરીને હવેથી કોઈપણ ટ્રસ્ટ પોતાની ચાલુ વર્ષની આવકમાંથી બીજા અન્ય ટ્ર્સ્ટને જો કોર્પસ દાન આપશે તો આપેલા દાનની રકમ ખર્ચ તરીકે બાદ મળશે નહીં.

## નોટબંધીને કારણે રઘુરામ રાજને રિઝર્વ બેન્ક છોડી : પુર્વ નાણાંમંત્રી પી. ચિદામ્બરમ

પુર્વ કેન્દ્રીય નાણાં મંત્રી પી. ચિદામ્બરમે દાવા સાથે કહ્યુ હતું કે રિઝર્વ બેન્કની કોવ્યિક્તિએ કેન્દ્ર સરકારને નોટબંધીના વિરોધમાં પાંચ પાનાનો એક પત્ર બરાબર એજ દિવસે લખ્યો હતો જે દિવસે રઘુરામ રાજને રિઝર્વ બેન્કનું ગર્વનરપદ છોડ્યું હતું.તે સાથે ચિદમ્બરમે કેન્દ્ર સરકારને કહ્યુ કે તે પત્ર જાહેર કરવામાં આવે. ચિદમ્બરમે પોતાના પુસ્તક' ફિયરલેસ ફન ઓપોઝીશન, પાવર એન્ડ એકાઉન્ટબીલીટી' ના વિમોચન પ્રસંગે આ વાત કહી હતી.

તેમણે જણાવ્યુ હતું કે જો સરકાર પારદર્શિતાની વાતો કરતી હોય તો તે પત્રને સાર્વજનિક કરે.આ પત્ર સરકારને આરબીઆઈ તરફથી લખવામાં આવ્યો હતો. પત્રમાં નોટબંધીના નિર્ણયનો વિરોધ કરવામાં આવ્યો હતો.ચિદમ્બરમે દાવો કર્યો હતો કે સરકારના નોટબંધીના નિર્ણયને કારણે જ રિઝર્વ બેન્કના ગર્વનરનું પદ છોડવું પડયું હતુ. ચિદમ્બરમે જણાવ્યુ કે સરકારે રાજન માટે ગર્વનરપદે ટકી રહેવું મુશ્કેલ બનાવી દીધું હતું. અન એ કારણથી જ એમ લાગે છે કે તેઓએ આરબીઆઈના ગર્વનરપદને છોડવાનો નિર્ણય કર્યો હતો.સરકાર નોટબંધી અમલમાં મુકવા માંગતી હતી જ્યારે રઘુરામ રાજન તેનો વિરોધ કરતા હતા.

## નલિયા કાંડના દોષિતોને ઉમા ભારતી સજા કરાવે તેવી માંગણી કોગ્રેસ કરી

ભાજપના આગેવાનોની નલિયા સેકસકાંડમાં સંડોવણી હોવાની તપાસ સુપ્રીમ કોર્ટના સુપરવિઝનમાં કરાવવાની માંગણી કોગ્રેસે કરી હતી. જંબુસર ખાતે જનવેદના સંમેલનને સંબોધતા ગુજરાત કોગ્રેસના પુર્વ પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ માંગણી કરી હતી કે બળાત્કારીઓને ઉંધા લબડાવીને ચામડી ઉતરી જાય ત્યાં સુધી ફટકાવા જોઈએ તેવુ ઉત્તેર પ્રદેશની ચુંટણીમાં કહેનારા ઉમા ભારતીએ ગુજરાતમાં આવવું જોઈએ અને પહેલ કરવી જોઈએ કે કચ્છના નલિયાના મેગા બળાત્કાર કાંડમાં દોષિત ભાજપના આગેવાનોને આ પ્રકારે સજા થાય.ભાજપના હોદ્દેદારો દ્વારા ભાજપના ઓળખપત્રોનો કોડવર્ડ તરીકે ઉપયોગ કરી મહિલાનું શારીરીક શોષણ અને બળાત્કાર કરવાનો સૌથી વ્યાપક મેગા બળાત્કાર કાંડ આચરાયો છે.જેની તપાસ જરુરી છે.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

તામીલનાડુના રાજકારણમાં અમ્માના નિધન પછી તેના સૌથી વિશ્વાસુ સાથી પનીરસેલ્વમને મુખ્યમંત્રી પદનો તાજ સોપી દેવાયો પરંતુ તે માત્ર દેખાવ પુરતો જ લાગી રહ્યો હતો.શશીકલા નામની મહિલાએ ત્યારબાદ પક્ષનું સુકાન હાથમાં લેવાના ચક્રો ગતિમાન કર્યા ત્યારથી એવું લાગી રહ્યુ હતું કે હવે પનીર સેલ્વમનો તાજ ઝુટવી લેવાશે.જ્યારે જ્યારે મહિલાઓ સત્તા માટે મેદાનમાં આવી છે ત્યારે તેણીએ તેની આજુબાજુ ના વિદ્રોહીઓ કે વિરોધીઓને ગણી ગણીને સાફ કરી નાંખ્યા છે.માત્ર હજુરીયાઓ જ રહી જાય અને તે તેમની ભક્તિ કરતાં રહે. આ દેશની એક ફિતરત રહી છે કે અહીંયા હજુરીયાઓની જમાતનો તોટો નથી.હજુરીયાથી વધુ આગળ કહીએ તો તેમનામાં અંધશ્રધ્ધા રાખનારાઓની જમાત.માત્ર અને માત્ર તેમના ગોડફાધર સિવાય અન્ય કોઇ નહી. તેમના વિરુધ્ધ કોઇપણ કાર્યવાહી કે વાણી ,વિરોધ આ જમાત સ્વીકારકતી નથી.અને જયલલિતાના નિધન બાદ શશીકલાએ આવી એક જમાત ઉભી કરી નાંખી જે તેમની પાછળ ઉભી રહે.લોકશાહીમાં સહુ મોટો ખતરો આ જમાતનો છે.જ્યા આવી જમાત હોય ત્યાં લોકશાહી ભારે ખતરામાં આવી જાય. આખરે પક્ષના નેતા તરીકે શશીકલાએ પોતાનુ વર્ચસ્વ સ્થાપી દીધુ અને હવે તેના માટે પનીર સેલ્વમને રાજીનામુ આપી દેવા સિવાયનો કોઇ વિકલ્પ બચ્યો જ નહી.મતલબ એ થયો કે રોયલી કિક આઉટ.

હવે શશીકલા ક્યારે કેવા ચોઘડીયામાં મુખ્યમંત્રી તરીકેના સોગંદ લે તે નકકી કરાશે.જો કે તામીલનાડુમાં જયલલિતાની જે આભા અમ્મા તરીકે ઉભી થઇ છે અને અમ્માના ચાહકોની એક અંધશ્રધ્ધાળુ જમાત ઉભી થયેલી તેવી શશીકલા ઈમેજ ઊભી કરી શકે કે કેમ તે સવાલ છે.જો શશીકલાની મુખ્યમંત્રી થવાના સ્વપ્નાની આડે હજુ કેટલીક મુશ્કેલીઓ છે. તેમના પક્ષમાં જ અસંતોષ છે જે જાહેરમાં વ્યક્ત થતો નથી.પરંતુ જયલલિતાના સમર્થકો પણ શશીકલા ને ચાહતા નથી કે તે મુખ્યમંત્રી બની શકે. કમલ હસન અને રજનીકાંત જેવા તામીલનાડુમાં વર્ચસ્વ ધરાવતા ફિલ્મી કલાકારોએ પણ શશીકલાની વિરુધ્ધ પોતાનો મત વ્યકત કર્યો છે.સમય બતાવશે કે શું થશે ?

## મંતવ્ય

નોટબંધીની સમય અવધિ પતી ગયા બાદ પણ હજુ લોકોની પાસે રુ.૫૦૦ અને રુ.૧૦૦૦ની નોટો છે એવું લાગે છે. કારણકે લાખો રુપીયાના બંડલો પોલીસ દ્વારા પકડવામાં આવ્યા ના સમાચારો અવારનવાર આવતા રહે છે.મતલબ કે લોકો પાસે હજુ વટાવવાની નોટો બાકી છે અને તેનો વહીવટ કરવામાં આવી રહ્યો છે. કહેવાય છે કે કેટલાક ટકા આપીને જુની નોટો ની સામે નવી નોટોનો વહીવટ થઇ રહ્યો છે. જો સરકાર બદલવાની જ ના હોય તો પછી આ રીતે ટકાવારી લઇને નોટો લેનારાઓનો ઉદ્દેશ્ય પસ્તી ભેગી કરવાનો તો નહીં જ હોય.મુંબઇ ખાતે રીઝર્વ બેન્કમાં ૩૧ માર્ચ સુધી તમારે પુરાવા રજુ કરીને નોટો જમા કરાવવાની છુટ છે.તેથી એવી શક્યતાઓ હોઇ શકે કે બેકો સાથે કેટલાક લોકોના એવા કનેકશન હોય અને તેમના દ્વારા વહીવટ કરવામાં સરળતા હોય અને આવા ધંધા માટે બેઉ બાજુ લોકોને તગડો નફો મળી જતો હોય.નોટબંધીને કારણે બે નંબરી લોકોના નાણાં સીધે સીધા વાઇટ થઇ ગયા હોવાની શંકા છે.પરંતુ દેશનું મોટી નોટોનું ચલણ સરકાર પાસે પરત આવી ગયું છે તેવુ લાગે છે.ખેર સામાન્ય લોકોને થયેલા નુકશાન અને તકલીફો કરતાં અમીરોને થયેલા ફાયદાઓ વધુ હોવાથી તેને સ્વીકૃતિ મળી છે. મનોજ કે. રાજપુત




## વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૯૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


# અમેરિકાના પ્રમુખપદે ડોનાલ્ડ ટ્રમ્પ ચુંટાતા વિશ્વ વિનાશ તરફ ધકેલાયાની આશંકાઓ વહેતી થઇ છે

ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા બાદ દુનિયા પ્રલયની વધુ નજીક આવી ગઇ છે.આ વાત વિજ્ઞાનીઓએ કરી છે.વૈજ્ઞાનિકોએ પોતના પ્રતિકાત્મક ડુમ્સ ડે ક્લોક (પ્રલયની ઘડીયાળ)ને મિડનાઇટની ૩૦ સેકન્ડ નજીક ખસેડી દીધી છે.આમ હવે તે મધરાતથી માત્ર અઢી મિનિટ દુર રહી છે.૬૪ વર્ષમાં પહેલી વખતે છે કે ડુમ્સ ડે ક્લોક પોતાના કેન્દ્રની નજીક પહોચી ગઇ છે.આ પહેલા આ કલોક ૫ ીતના કેન્દ્રથી માત્ર ત્રણ મિનિટના અંતરે હતી.

એ અગાઉ ૧૯૫૩માં અમેરિકા અને રશિયા વચ્ચે પરમાણું હથિયારોની સ્પર્ધામાં આ ક્લોક પ્રલયના સંકેતની આટલી નજીક આવી હતી.વિજ્ઞાનીઓએ અગાઉ ૨૦૧૫માં ક્લોકને સેટ કર્યો હતો.બુલેટીન ઓફ એટોમિક સાયન્ટિસ્ટસે કહ્યુ છે કે ટ્રમ્પના નિવેદનો અને સંપુર્ણ દુનિયામાં વધી રહેલા કટ્ટરવાદથી માનવ સભ્યતા પ્રલયની અત્યંત નજીક આવી ગઇ છે.બુલેટીનમાં ટ્રમ્પે ઇરાનની સાથે પરમાણું સમજુતી પર શંકા વ્યકત કરવા, ઉત્તર કોરીયાથી મુકાબલા અને જાપાન અને દક્ષિણ કોરીયાને વધુ પરમાણું શક્તિ હાંસલ કરવાની ટ્રમ્પની સલાહ સહિત કેટલીક વિવાદિત વાતોને ઉલ્લેખ કરાયો છે.

બુલેટીનમાં કહેવાયું છે કે ચીનના પાકિસ્તાનને પરમાણું હથિયારો માટે સહયોગ આપવા અને ભારતની સાથે પાકિસ્તાનના હથિયારોની સ્પર્ધાનો પણ ઉલ્લેખ કરાયો છે.બુલેટીનમાં ઉમેરાયું છે કે માનવતા સામે ખતરો ઉભો થાય છે તો ટ્રમ્પ અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન પણ જવાબદાર હશે.બુલેટીનમાં પુતિનના રશિયાના પરમાણું ક્ષમતાથી પોતાની જાતને વધુ સજ્જ બનાવવાનો પણ ઉલ્લેખ છે.આ ઉપરાંત સીરીયા અને યુક્રેનમાં છેડાયેલા યુધ્ધ અને રશિયા તેમજ અમેરિકાના આ અડિયલ વલણની પણ વાત કરાઇ છે.(સૌ.ન.ગ.સ)

# ફેસબુકના સીઇઓએ ટ્રમ્પના શરણાર્થીઓ અંગેના નિર્ણયની ટીકા કરી

અમેરિકાના તાજેતરમાં ચુંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈમીગ્રન્ટસ અને કેટલાક મુસ્લીમ બહુમતી ધરાવતા દેશોમાંથી આવનારા શરણાર્થીઓની સંખ્યા મામલે કડકાઇથી કામ લેવા અંગેના કરેલા નિર્ણયની ટીકા માર્ક ઝુકરબર્ગે કરી હતી.તેમણે કહ્યુ હતું કે અમેરિકા ઈમીગ્રન્ટસનો દેશ છે.અને તેને તેના માટે ગૌરવ હોવું જોઇએ.

ઝુકરબર્ગે પોતના ફેસબુક પેજ પર લખ્યુ હતું કે આપ જેવા અનેક લોકોની જેમ, હું પણ રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પના એ શાસકીય આદેશોના પ્રભાવોથી ચિંતિત છું.જેના પર તેમણે હાલમાં જ હસ્તાક્ષર કર્યા છે.તેમણે લખ્યુ છે કે આપણે આ દેશને સુરક્ષિત રાખવાનો છે પર આપણ આવું એવા લોકો પર ધ્યાન આપીને કરવું જોઇએ જેના કારણે ખરેખર જોખમ છે.આપણે આપણા દરવાજા શરણાર્થીઓ માટે અને એવા લોકો માટે જેમને આપણી જરુર છે તેમના માટે ખુલ્લા રાખવા જોઇએ.આ જ આપણી ઓળખ છે. તેમણે લખ્યું હતું કે આપણે શરણાર્થીઓ અને જરુરીયાતમંદો માટે પોતાના દરવાજા ખુલ્લા રાખવા જોઇએ.

જો આપણે કેટલાક દાયકાઓ અગાઉ શરણાર્થીઓ તરફથી મો ફેરવી લીધું હોત તો પ્રસિલિયાનો પરિવાર અહીં ન હોત.ઝુકરબર્ગના પત્ની પ્રસિલાયાનો પરિવાર ચીન અને વિયેતનામથી આવેલા શરણાર્થીઓ છે.તેમણે કહ્યુ કે મારા પરિવારમાં પણઆ મુદ્દા વ્યક્તિગત છે.થોડા વર્ષ પહેલાં હું એક સ્થાનિક સ્કુલમાં ભણાવતો હતો જ્યાં સૌથી સારા વિદ્યાથીઓમાંથી કેટલાકની પાસે દસ્તાવેજો નહોતા. તેઓ આ આપણુ ભવિષ્ય છે.

આપણે ઈમીગ્રન્ટસથી નિર્મિત રાષ્ટ્ છીએ અને જો દુનિયાભરમાંથી આવેલા સર્વશ્રેષ્ઠ અને પ્રતિભાવાન લોકો અહીં આવીને રહે છે.,કામ કરે છે અને પોતનું યોગદાન આપે છે તો તેનાથી આપણને સહુને લાભ થાય છે.

ટ્રમ્પે એક સરકારી આદેશ પર હસ્તાક્ષર કર્યા હતા જેના પછી કેટલાક ખાસ મુસ્લીમ દેશોમાંથી આવનારા શરણાર્થીઓના સંયુક્ત રાષ્ટ્ અમેરિકામાં પ્રવેશ પર પ્રતિબંધ મુકી દેવાયો હતો. સીલીકોન વેલીની લગભગ ૯૭ જેટલી કંપનીઓએ ટ્રમ્પના નિર્ણયનો વિરોધ કર્યો હતો.

# બ્લેક મનીનો રોગ સ્વીત્ઝરલેન્ડમાં અને ઇલાજ ભારતમાં થઇ રહ્યો છે : અરુણ શૌરી પુર્વ કેન્દ્રીય મંત્રી

એનડીએ સરકારના નોટબંધીના નિર્ણય પર આકરા પ્રહોર કરતાં પુર્વ કેન્દ્રીય મંત્રી અને પત્રકાર અરુણ શૌરીએ કહ્યુ હતું કે નોટબંધીથી વિદેશોમાં જમા કાળા નાંણાની ભાળ કોઇ રીતે મેળવી શકવાની નથી.

હૈદ્રાબાદ,લિટરરી ફેસ્ટીવલમાં સંબોધન કરતાં શૌરીએ કહ્યુ હતું કે એવી વ્યક્તિ કે જેની પાસે ખરેખર કાળુ નાંણુ હોય ત તેણે ભારતીય રુપીયામાં રાખ્યુ હોય એ શક્ય બને ? જેઓ પાસે કાળા નાણાં છે તેઓ એ નાણાં દેશની બહાર જ રાખશે.તેઓ કંપનીઓ ખરીદશે, તેઓ મિલકતો ખરીદશે. રોગ સ્વીત્ઝરલેન્ડમાં છે અને તમે તેનો ઇલાજ દેશમાં કરી રહ્યા છો ? અરુણ શૌરીએ દાવો કર્યો હતો કે લોકો વાસ્તવમાં એ જ જાણી શક્યા નથી કે નોટબંધીના કારણે ખરેખર કાળા નાણાં પર અંકુશ આવ્યો છે કે નહીં ?

તેમણે કહ્યુ હતું કે લોકોએ મત આપ્યા હોય એનો અર્થ એ નથી કે કોઇપણ વિચાર માન્ય ગણી શકાય.લોકો જાણતા નથી. તેઓ નોટબંધીના લાભાલાભ વિશે જાણતા નથી.તેઓ એ પણ જાણતા નથી કે નોટબંધી ખરેખર કાળા નાણાંની વિરુધ્ધમાં છે કે વધુ કાળુ નાણું સર્જવા માટે લાગુ કરાઇ છે હું પણ સમજી શક્યો નથી.

શૌરીએ કહ્યુ હતું તેઓ એ જાણતા નથી કે રુ.૧૫.૫૦ લાખ કરોડની ચલણી નોટો નષ્ટ કરાઇ અને એના માટે કહેવામાં આવે છે કે તે આતંકવાદીઓના પૈસા હતા અથવા તો બનાવટી નોટો હતી. જેનું પ્રમાણ ૦.૦૨ ટકા હોવાનું સરકારના સંસદમાં અપાયેલ પોતાના જવાબમાં જણાવાયું છે.

તેઓ જીએસટી વિશે પણ જાણતા નથી. કેશલેશનો મુદ્દો લઇએ તો એ પણ લોકોની સમજ બહાર છે એમ કહી શકાય.શૌરીના કહેવા પ્રમાણે એનડીએ સરકારે ટેકસ એડમિનિસ્ટ્રેશન પર લક્ષ આપવાની જરુર છે.અને સાથે બેન્કીંગ સેકટરમાં નવા પ્રાણ ફુંકવાની જરુર છે.પરંતુ તેમણે આરોપ મુક્યો હતો કે આ ક્ષેત્રે છેલ્લા અઢી વર્ષમાં કોઇ કામ કરાયું નથી.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

# શિવસેનાએ ભાજપ સાથે ગઠબંધન કરીને ૨૫ વર્ષો વેડફી માર્યા : શિવસેના



મહારાષ્ટ્રમાં મ્યુનિસિપલ ચુંટણીઓમાં એકલા હાથે લડવાનું નક્કી કર્યા બાદ શિવસેનાએ ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા.શિવસેનાએ ગઠબંધનનો સ્વાદ એટલો કડવો લાગી રહ્યો છે કે તેણે એમ કહ્યુ કે હિન્દુત્વ અને મહારાષ્ટ્ર હિત માટે ભાજપ સાથે ગઠબંધન કરીને તેણે એક ચતુર્થાંસ દાયકો વેડફી નાંખ્યો છે.સેના જે રીતે ભાજપ પર આક્ષેપો કરી રહી છે તે જોતાં એમ લાગે છે કે કેન્દ્ર અને મહારાષ્ટ્રમાં પણ બંન્નેનું ગઠબંધન નહીં રહે. શિવસેનાએ આક્ષેપ કર્યો છે કે ભાજપ પોતની ધર્મનિરપેક્ષતાનો દેખાડો કરવા માર્ગ ભટકી ગયો છે. અને પોતાનો સ્વાર્થ સાધવા માટે તે છત્રપતિ શિવાજી અને લોકમાન્ય તિલકને પણ રાષ્ટ્રવિરોધી બતાવવામાં સંકોચ નહીં કરે.

# એનસીપીના વડા શરદ પવારે શિવસેના પર ચાબખા માર્યા

એનસીપીના વડા શરદ પવારે મહારાષ્ટ્રમાં ભાજપની યુતિ સાથે જોડાયેલી શિવસેના પર તેજાબી ચાબખા મારતાં કહ્યુ હતું કે શિવસેનાને સત્તાપ્રેમ એટલો બધો છે કે તે સરકારમાંથી હટવાનું નામ લેતી નથી.નગર નિગમની ચુંટણીઓ એકલા હાથે લડી લેવાનો નિર્ણય શિવસેનાએ કર્યો હતો છતાં પણ હજુ સુધી મહારાષ્ટ્રમાં ભાજપની સાથે સરકારમાં તે જોડાયેલી છે.તેનાથી એ સાબિત થાય છે કે શિવસેના સત્તામીં રહેવા માટે કંઈપણ કરી શકે છે.પવારે એક કાર્યક્રમમાં કહ્યુ હતું કે જો શિવસેના હવે રાજ્ય સરકારમાંથી નહીં હટે તો એજ સંદેશો જશે કે તે સત્તા માટે કંઈ પણ કરી શકે છે. આ પહેલા શિવસેનાએ શરદ પવારને કેન્દ્ર સરકાર દ્વારા ઈલ્કાબથી નવાજ્યા હતા તેની ભારે ટીકા કરી હતી.જો કે ભાજપે જે રાજકીય દાવ અજમાવ્યો છે તેનાતી શિવસેના ના પેટમા તેલ રેડવાયું છે.

# બાંગ્લાદેશ સામે વિરાટની બેવડી સદી,વિજય અને સહાની સદી

ભારત અને બાંગલાદેશ વચ્ચે હૈદ્રાબાદ ખાતે રમાઈ રહેલી એકમાત્ર ટેસ્ટ મેચમાં વિરાટ કોહલીએ પોતાની ડબલ સેન્ચુરી બનાવી હતી. આ ઉપરાંત વિજય અને વિકેટકીપર સહાએ પોતાના શતક જમાવ્યા હતા. આ ઉપરાંત પુજારા અને રહાણેએ પોતાની ઉપયોગીતા સાબિત કરી હતી.બાંગલાદેશ સાથે રમાઈ રહેલ મેચમાં અનેક રેકોર્ડ બન્યા હતા.બાંગલા દેશ સામે બેવડી સદી નોધાવીને સતત ચોથી સીરીઝમાં વિરોધી ટીમ સામે બેવડી સદી નોધાવવાનો વિક્રમ વિરાટે કર્યો હતો.તે વિશ્વનો પ્રથમ ભારતીય કેપ્ટન છે જેણે આવી સિધ્ધિ હાંસલ કરી હતી.આમ ભારતે ૬૮૭ રનો ખડકીને પોતાની જીતનો પાયો નાંખ્યો હતો.વિરાટ કોહલીના નામે અનેક વિક્રમો ખડકાવા લાગ્યા છે. ભારતે એક નવો ખેલાડી મેળવ્યો છે જેની વિશ્વ સ્તરે નોધ લેવામાં આવી રહી છે.સુનીલ ગવાસકર, સચીન તેદુલકર, ધોની જેવા ધુરંધરોની વિદાય બાદ વિરાટ કોહલી ભારતીય ક્રિકેટના ભાવિનો પહેરેદાર બન્યો છે.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# નોટબંધીના અસરગ્રસ્તોને સહાય આપનારુ પશ્ચિમ બંગાળનું પ્રથમ રાજ્ય બનશે

કેન્દ્ર સરકારના નોટબંધીના નિર્ણય સામે સૌથી વધુ વિરોધ નોધાવી ચુકેલા પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ નોટબંધીના અસરગ્રસ્તોને સહાય આપનારુ પ્રથમ રાજ્ય બનશે તેવુ જણાવ્યુ હતું.

તુણમુલ કોગ્રેસની બીજી મુદતની સરકારનું પ્રથમ બજેટ રજુ કરતાં પશ્ચિમ બંગાળના નાણાંપ્રધાન અમિત મિત્રાએ જાહેરાત કરી હતી કે રાજ્ય સરકાર નોટબંધીના અસરગ્રસ્ત લોકોને નાણાંકીય સહાય પુરી પાડશે.

નોટબાંધી તે નાણાંકીય અનો રાજકીય કટોકટી જેવું પગલું હોવાનું કહેતા મિત્રાએ જણાવ્યુ હતું કે કેન્દ્ર સરકારના નોટબંધીના નિર્ણયથી રોજગારી ગુમાવી ચુકેલાને રાજ્ય સરકાર તરફથી રુ.પચાસ હજારની મદદ કરીને રોજગારીના વૈકલ્પિક માર્ગ શોધવામાં મદદ કરશે.

નોટબંધીનો માર ઝીલી ચુકેલા ખેડુતોની વેદનાને વાચા આપતાં નાણાંમંત્રીએ કહયુ હતું કે સહકારી બેન્કોના ધિરાણ પર નભતા ખેડુતોને નોટબંધીતી મુશ્કેલી વેઠવી પડી છે.નોટબાંધીનો કારણે સહકારી સિસ્ટમને નુકશાન થયું છે. નોટબંધીને કારણે ખેડુતો ખાતર,બિયારણ સહિતની સામગ્રી સમયસર મેળવી શક્યા નથી.નોટબાંધીથી નુકશાન ભોગવી રહેલા ખેડુતોને સહાય કરવા રુ.૧૦૦ કરોડનાં ભંડોળની રચવા કરવા પ્રતિબધ્ધતા જાહેર કરી હતી.નોટબંધીને કારણે રાજ્યનો વિકાસ દર નીચે જશે.


## ગ્રાહક મિત્રોને વિનંતી.


આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬


# સાત ઇસ્લામિક દેશોના મુસ્લીમ નાગરિકોને અમેરિકામાં પ્રવેશવા નહિ દેવાય : પ્રમુખ ટ્રમ્પનો આદેશ




અમેરિકાના નવા ચુંટાયેલ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દેશમાં શરણાર્થીઓના પ્રવેશ પર પ્રતિબંધ મુકવા અને સાત મુસ્લીમ દેશો - ઈરાન,ઈરાક,લીબીયા, સુદાન, સોમાલીયા,સીરીયા અને યમનથી આવતા નાગરિકો માટે આકરા નિયમો પર હસ્તાક્ષર કર્યા છે.ટ્રમ્પે કહ્યુ હતું કે તેઓ કટ્ટરપંથી ઈસ્લામિક આતંકવાદીઓથી અમેરિકાનો સલામત રાખશે.આવા લોકોને દેશમાં પ્રવેશ કરવા દેવાશે નહીં.ખ્રિસ્તીઓને પ્રવેશમાં પ્રાથમિકતા અપાશે.જોકે ગુગલના સીઈઓ સુંદર પીચાઈએ ટ્રમ્પના વિવાદાસ્પદ ઈમીગ્રેશન ઓર્ડરની ટીકા કરી હતી.તેમના ટ્રાવેલીંગ સ્ટાફને અમેરિકા પાછા આવી જવાની સુચના આપી હતી.પિચાઈએ કહ્યુ છે કે ટ્રમ્પના આ નિર્ણયને કારણે અમેરિકામાં વિશ્વનું ટેલેન્ટ નહીં આવે.આ આદેશ બાદ સાત મુસ્લીમ દેશો ઈરાન,ઈરાક, લીબીયા, સોમાલીયા, સુદાન,સીરીયા અને યમનના નાગરિકો પર વિઝા નિયંત્રણ મુકી દેવાયું છે.અમેરિકામાં ૧૨૦ દિવસ માટે તમામ શરણાર્થીઓનો પ્રવેશ સ્થગિત કરાયો છે તો મુસ્લીમ દેશોમાંથી આવતા લોકોની ચકાસણી માટે એક નવી સિસ્ટમ મુકાશે અને ધાર્મિક રીતે લઘુમતીઓને વધુ મહત્વ અપાશે.

મધ્યપુર્વના દેશોમાંથી ખ્રિસ્તીઓ શરણાર્થી તરીકે આવે તો તેમને પ્રવેશ માટે પ્રાથમિકતા અપાશે કે કેમ તેવા એક સવાલનો જવાબ તેમણે હકારમાં આપ્યો હતો.ટ્રમ્પના આદેશ બાદ પેન્ટાગોએ કહ્યુ છે કે આ એક મોટું પગલું છે. અમેરિકામાં વિદેશી આતંકવાદીઓને ઘુસવાથી અટકાવવા માટે આવું કરવામાં આવ્યું છે.વિશ્વભરમાંથી ટ્રમ્પ દ્વારા લેવાયેલ નિર્ણયો બાબત ભારે ટીકાઓ થઈ રહેલી છે.


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

## ગંગાના શુધ્ધિકરણ પ્રોજેકટમાં કરોડોના આંધણ પછી ગંગાનું એક ટીપુ શુધ્ધ થયું નથી. કોણ જવાબદાર ?

નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે(એનજીટી) ગંગા નદીને સ્વચ્છ કરવાના મામલે સરકારની આકરી ટીકા કરી હતી. એજીટીએ કહ્યુ હતું કે જનતાના નાણાંનો વેડફાટ થઈ રહ્યો છે.પણ ગંગા નદીનું એક ટીપુ પણ શુધ્ધ થઈ શક્યુ નથી.એનજીટીએ ગંગા નદીની સાફસુફી માટેની પરિયોજના ના નામે જનતાના નાણાં વેડફાઈ રહ્યા અંગે સરકારી એજન્સીઓની આકરી ટીકા કરી હતી.ટ્રિબ્યુનલે સરકારી એજન્સીઓને પુછ્યુ હતું કે તેઓ ક્યા પ્રકારે વડાપ્રધાનની મહત્વાકાંક્ષી 'નમામિ ગંગે પરિયોજના' લાગુ કરી રહ્યા છે.ટ્રિબ્યુનલે કહ્યુ હતું કે તેને કેન્દ્ર અને ઉત્તરપ્રદેશ સરકારની ફરિયાદો અંગે કોઈ નાટક જોઈતું નથી.

એનજીટી પ્રમુખ ન્યાયમુર્તિ સ્વતંત્ર કુમારની અધ્યક્ષતામાં રહેલી બેન્ચે નદીને સ્વચ્છ કરવાની યોજના પર એકસાથે કામ કરવાનો નિર્દેશ આપ્યો હતો. બેન્ચે કહ્યુ હતું કે વડાપ્રધાને તમને એક લક્ષ્ય આપ્યું છે તેને એક રાષ્ટ્રીય પરિયોજના તરીકે લો.સેન્ટ્રલ પોલ્યુએશન કંટ્રોલ બોર્ડ (સીપીસીબી) અને અન્ય સરકારી એજન્સીઓની ભુલ છે કે જે યોગ્ય રીતે પોતાનું કામ કરતી નથી.શું તમે (અધિકારીઓ)તમારુ કામ યોગ્ય રીતે કર્યુ છે ? તમે અહીં (અદાલત)સામે હાજર થતા નથી. તમે કંઈ કર્યુ નથી.તમે લોકોના નાણાં વેડફી રહ્યા છો. પણ નદીનું એકપણ ટીપુ શુધ્ધ કે સાફ થઈ શક્યું નથી.

કેન્દ્ર સરકારે ગંગા નદીના શુધ્ધિકરણ માટેની પરિયોજના નમામિ ગંગે માટે રુ.૨૦૦૦ કરોડથી વધુ રકમ ફાળવી છે.આ સાથે ટ્રિબ્યુનલે બિજનૌર અને અમરોહા જિલ્લામાં આવેલા ૧૪ ઈન્ડ્રસ્ટ્રીયલ યુનિટસને પણ ચેતવણી આપી છે.જે યુનિટસ ગંગા નદીના કિનારે આવેલા છે.જેઓ નદીને પ્રદુષિત કરી રહ્યા છે.ટ્રિબ્યુનલે એ ઔધ્યોગિક એકમોને કહ્યુ હતું કે તેઓ બંધ થવા માટે તૈયાર રહે.

ટ્રિબ્યુનલે સરકારી એજન્સીઓની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢતાં કહ્યુ હતું કે દરેક લોકો કહે છે કે તેઓ નદીમાં પ્રદુષિત પદાર્થો ઠાલવતા નથી. હું તમને લોકોને ચાર દિવસ તમારો જવાબ આપવા માટે આપું છું અથવા હું તમામ એકમો તાત્કાલિક બંધ કરાવીશ. નવી વાર્તાઓ ઘડવાનું બંધ કરો. પરિણામો ભોગવવા માટે તૈયાર રહો.તમામ ઈન્ડ્રસ્ટ્રીયલ કે જે ગંભીર રીતે પ્રદુષણ ફેલાવે છે અને ગંગા નદીને કિનારે સ્થિત છે તેઓને શો કોઝ નોટીસ પાઠવવામાં આવે છે કે શા માટે તેઓને યુનિટસ બંધ કરી દેવા માટે આદેશ આપવામાં ન આવે. (સૌ.ન.ગુ.સ)

## પવિત્ર ગંગા શુધ્ધિકરણના હાલત જોઇને અન્ય નદીઓની હાલત કેવી હશે તે માત્ર કલ્પના કરવી રહી

ભારતનો નાગરિક જાણે છે કે પવિત્ર ગંગા નદીનું જળ કેવી હાલતમાં છે.ગંગા નદી અતિશય ગંદી તથા પ્રદુષિત થઈ ચુકી છે.દેશના વડાપ્રધાને પોતાને વારાણસીના સાંસદ તરીકે છોરા ગંગા કિનારેવાલા કહેવાડાવામાં ગૌરવ અનુભવે છે.અને છાશવારે ગંગા નદીને કિનારે આરતીના પ્રોગ્રામો કરતા રહે છે.ભાજપી નેતાઓ પણ વડાપ્રધાન મોદીને ગંગા નદી જેવા પવિત્ર ગણાવે છે.રાજીવ ગાંધીના સમય દરમિયાન ગંગા ના શુધ્ધિ કરણ માટે અબજો રુપીયા વહાવાઈ ચુક્યા છે.પરંતુ નેશનલ ટ્રિબ્યુનલના લેટેસ્ટ ઓર્ડર અનુસાર હજુ સુધી ગંગાનું એક ટીપુ પણ શુધ્ધ થઈ શક્યું નથી.જે નદી માટે લોકો આટલા આસ્થાળુ હોય તે નદીની આવી હાલત દાયકાઓ સુધી ચલાવી લેવાય,સરકારો પૈસા વાપરવાનો ડોળ કરતી રહે અને પ્રજા ઉંઘતી રહે તે ભારત જેવા દેશમાં શકય બને.જે પ્રોજેક્ટ માટે કેન્દ્ર સરકારમાં ખાસ એક પ્રધાનનો હોદ્દો ઉભો કરાયો છે તે ગંગા શુધ્ધિકરણની પણ આવી હાલત હોય તો દેશની અન્ય પ્રદુષિત અને ગંદી થઈ ચુકેલી નદીઓ વિશે તો આપણે આવનારા ૫૦-૧૦૦ વર્ષ સુધી કોઈ આશા જ નહીં રાખવાની. ગુજરાત સહિત દેશની કેટલીય નદીઓ મૃતપાય બની ચુકી છે.મોટાભાગની નદીઓ હવે બારમાસી રહી નથી.કેમિકલ ફેકટરીઓથી માંડીને રેતી માફીયાઓએ દેશની પુરાણ કાળથી ચાલી આવતી આ અતિ મહત્વની જીવનરેખાને લગભગ ખતમ કરી દીધી છે. પરંતુ કોઈના પેટનું પાણી હાલતું નથી.કુત્રિમ રીતે પાણી ભરીને રિવર ફ્રન્ટની સજાવટ જોઈનો હરખાવામાં આપણે એટલા વ્યસ્ત થઈ ગયા છે કે રિવરફ્રન્ટથી ઉપરવાસમાં કે હેઠવાસમાં ૨૦ કી.મી.નદીની શું હાલત છે તે કોઈ વિચારતું નથી.ઉત્તર ગુજરાતની જુની નદીઓ શોધવા જવું પડે તેમ છે.સૌરાષ્ટ્રમાં નદીઓના નામે ચોમાસામાં સજીવન થતાં નાળા જ રહી ગયા છે.દક્ષિણ ગુજરાતમાં નદીઓ હયાત છે પરંતુ કેટલીય નદીઓના રંગ અને ગુણધર્મ બદલાઈ ચુક્યા છે.વડોદરા પાસે મીની નદીમાં ભુલેચુકે પગ બોળનારાએ બર્ન્સ વોર્ડમાં દાખલ થવું પડે તેવી હાલત છે.દુનિયાની સંસ્કૃતિઓ નદીકાંઠે પાંગરી છે.પરંતુ આપણા આ પારણાંને આપણે જ નેસ્તાનાબુદ કરી રહ્યા છીએ.

નવી રચાયેલી કેન્દ્રની એનડીએ સરકારમાં ગંગા નદીના શુધ્ધિકરણ માટે ખાસ પ્રધાનની નિમણુંક કરવામાં આવી.ઉમા ભારતીને આ હવાલો સોપવામાં આવ્યો છે.એક સાધ્વી તરીકે તેઓ આ ફરજ બજાવે તેમ ગણતી હતી. પરંતુ શુધ્ધિકરણ સાથે સંકળાયેલ બ્યુરોકેસી અને અમલદારશાહી બધાને ગોળ ગોળ ફેરવતી રહે છે.જો કે તાજેતરમાં નેશનલ ટ્રિબ્યુનલે આ બાબતે હવે આ બધા લોકો પર સકંજો જમાવવાની કોશીશ કરી છે પરંતુ તે કેટલો સમય ચાલે છે તે જોવાનુ રહ્યું પ્રજાના અબજો રુપીયા શુધ્ધિકરણના નામે આ અમલદારો ચરી ગયા અને ગંગા હજુ હતી તેનાથી વધુ ગંદી અને અશુધ્ધ છે.દેશના હિંદુઓની આસ્થા આ પવિત્ર નદી સાથે જોડાયેલી છે.નદીની આસપાસ હજારો સાધુઓના ઠેરા છે પરંતુ તેઓ આ બાબતે કંઈ કરી શકે તેમ નથી.ઉદ્યોગો પર સરકારે કડક હાથે કામ લેવું પડશે. (સૌ.ન.ગુ.સ)

## સામાજીક પડકારોનો સામનો કરવા કોણ ઉભા રહેશે ?

હવે સામાજીક પડકારોનો યુગ શરુ થયો છે અને તેમાં જો આપણે યોગ્ય રીતે વર્તીશું નહી તો આપણે આપણી લાયકાત ખોઈ બેસીશું.રાજકારણીઓ દ્વારા આચરતા ગુનાઓ અને તેમને મળતી રાજકીય સહાય,ધર્મના નામે ચાલતા ધતીંગો કે શોષણો કે ગુનાખોરી આ બધાની સામે કોણે આવવાનું છે.તે માત્ર સમાજના પહેરેદારો તરીકે ગણાતા કાયદાવિદોનું કામ છે. સમાજ તેમની સામે એવી અપેક્ષા રાખી રહ્યો છે કે તેઓ સમાજનુ થતું અધ : પતન રોકે.ગુનેગારોને સમાજ પર હાવી થતા રોકે.

વકીલનું કામ છે અસીલની કાનુની ઢબે પેરવી કરવાનું અને તેને રાહત પહોચડાવાનું.અસીલના કોર્ટના,પોલીસના ધ્યાન બહાર રહી ગયેલા તેવા કાનુની મુદ્દાઓ અદાલત સમક્ષ લાવીને શાલીનતા સાથે કેસ લડવાની એની ફરજ થઈ પડે છે.જ્યુરીસપ્રુડન્સના મુળભુત સિંધ્ધાંતો કહે છે કે પુરાવા વગર તમે કોઈને બદનામ કરી ન શકો.તેમાં વળી ફેમીલી કોર્ટના,બળાત્કારના ,સગીરને ઈન્વોલ કરતા કેસમાં આરોપીઓની ઓળખ છુપી રાખવાની હોય છે.આ બાબત ખુબજ સંવેદનશીલ હોય છે. તેથી અદાલતમાં ઈન-કેમેરા અર્થાત જાહેર જનતાથી ખાનગીમાં રાખીને કેસ ચલાવાય છે.કાનુનની ભાવનાને દરેકે સન્માન આપવું જોઈએ.વકીલનો વ્યવસાય પ્રમાણિકતાથી લેવાય તો એ એક નોબલ પ્રોફેશન છે.દેશની આઝાદીમાં ગાંધીજી,સરદાર પટેલ જેવા સેંકડો વકીલોની અગ્રણ્ય ભુમિકા રહી છે.આજે પણ રાષ્ટ્ર કોઈ કાનુની કે બંધારણીય સંકટમાં મુકાય છે ત્યારે વકીલો જ સ્વમેળે દેશની મદદે આવે છે.પરંતુ હમણાં જેલમાં પુરાયેલ આસુમલ હરપલાની ઉર્ફે આશારામ બાપુને જામીન પર છોડાવવા માટે તેમના મિત્ર અને દેશના મોંધા વકીલે આ કેસમાં જે દલીલો કરી તે ધૃણાસ્પદ બની હતી.તેઓએ શરમને નેવે મુકી દીધી હતી.આશારામે ઘણા પ્રયત્નો કર્યા પરંતુ તેમની કારી ફાવી નહી એટલે તેમણે છેલ્લા હથિયારરુપે રામ જેઠમણાલીને વકીલ તરી કે ઉતાર્યા ,પરંતુ તેમણે કાનુની વિદ્વતાને બાજુએ રાખી દીધી અને કોકને જાહેર બદનામ કરવાનું કામ કર્યું.વકીલ તરીકે એમને આરોપી કે પ્રોસિક્યુશન પર કેટલી હદે આરોપ મુકવાની છુટ છે તેની કોઈ મર્યાદા હોવી ઘટે.એક આઈએએસ અધિકારીએ જેઠમણાલી પર બદનક્ષીનો કેસ પણ માંડી દીધો.

આ દેશમાં કાનુની વિદ્વતાને નામે અનેક ધુરંધર અને દેશદ્રોહી ગુનેગારોને કાયદાની ચુંગાલમાંથી છોડાવીને અતિ પૈસાદાર થવાનું સૌભાગ્ય કેટલાક નામી વકીલો મળેલ છે.તેમણે આ કૃત્યને ગુનેગારના મદદગાર ગણવા કે પછી કાનુની વિદ્વાન.કાનુની વિદ્વાનો એ વાત હંમેશા યાદ રાખવી ઘટે કે તેઓ ગુનેગારો કે અત્યાચારીઓની માત્ર નાણાં કમાવાને માટે મદદ કરી રહ્યા છે ? પ્રમાણિક હેતું હોવો જરુરી છે.માત્ર અર્થના અનર્થ કે છટકબારીઓનો ઉપયોગ કરીને ગુનેગારોને છોડાવવા તેટલો જ ગુનો કહેવાય.સમાજમાં આ માટે વિશાળ પાયા પર ચર્ચા થવી જરુરી છે.ખોટા કાનુની નિષ્ણાંતો દેશ અને સમાજને ખપતાં નથી.તેમને જાકારો આપવો અથવા તો તેમનો સામાજિક બહિષ્કાર કરવો જરુરી છે.

## નોટબંધીથી કેટલું કાળુ નાણું બહાર આવ્યું તેવો સવાલ કેન્દ્રને કરતા બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર

નોટબંધી અંગે મોદી સરકારને ટેકો આપનારા બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે હવે કેન્દ્રને સવાલ કર્યો છે કે અત્યાર સુધીમાં કેટલુ કાળુ નાણું બહાર આવ્યું છે.દિલ્હીના એક કાર્યક્રમમાં નીતિશે કહ્યુ હતું કે હવે અમે પુછી રહ્યા છીએ,હવે તો પુછવું જોઈએ કે કેટલુ કાળુ નાણું બહાર આવ્યું ?નકલી નોટો હતી તેનુ શું થયું ? નીતિશે કહ્યુ હતું કે સવાલ એ છે કે કેટલુ કાળુ નાણું બહાર આવ્યુ ? કેટલી હદે આ નિર્ણય હિટ રહ્યો ? સરકારનો રોડ મેપ શું છે ?કોગ્રેસી નેતા પી.ચિદમ્બરના પુસ્તકના વિમોચન પ્રસંગે કહી હતી.

★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.
અમી સર્જીકલ
જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

ગ્લોરી કેટરીગ સર્વીસ
આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃ
એ.એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.